# શ્રી રામચંદ્ર મિશન® એકોઝ ઈન્ડીયા

જાન્યુઆરી ૨૦૦૯ માત્ર અંગત પ્રકાશન માટે વર્ષ ૨ અંક ૧


પ્રિય ભાઈઓ અને બહેનો,

આપ સૌને નૂતન વર્ષની શુભેચ્છાઓ અને 'એકોઝ ઈન્ડિયા'ના વર્ષ ૨૦૦૯ના પ્રથમ અંકમાં આપ સૌનું સ્વાગત છે.

નવા વર્ષની શરૂઆતમાં જ પૂ.માસ્ટરે આપણને વર્ષ ૨૦૦૯ માટે અને તે પછીના વર્ષો માટે દ્રઢ નિશ્ચય કરી લેવાનું સૂચવ્યું છે. પૂ.માસ્ટરના સંદેશના કેટલાંક અંશો અહીં રજૂ કરવામાં આવ્યાં છે. તે ઉપરાંત પૂ.માસ્ટરની તિરૂપુર, માલમપુઝા, ત્રિસુર, કોલકતા અને ખડગપુર જેવાં વિવિધ સ્થળોની મુલાકાતોનું વર્ણન પણ છે.

અભ્યાસીઓ માટેના પૂ.માસ્ટરના સંદેશ કે જેમાં તેમણે પ્રેમ, ક્ષમા, સહનશીલતા અને સમજશક્તિ જેવાં નૈતિક આચરણને વિકસાવવા પર ભાર મૂક્યો હતો, તેના અનુસંધાનમાં ભારતનાં કેટલાંક કેન્દ્રોએ ચર્ચાઓ માટે અને અભ્યાસીઓને આ મૂલ્યો વિશે સમજાવવા માટે કાર્યક્રમો ગોઠવ્યાં હતાં. આ અંકમાં અભ્યાસી ટ્રેનીંગ કાર્યક્રમો, અભ્યાસીઓના સંમેલનો તેમજ નવીન પ્રકાશનોનો સમાવેશ પણ કરવામાં આવ્યો છે. 'પ્રકાશનાં કેન્દ્રો'ના વિભાગમાં આ વખતે શ્રી રામચંદ્ર મિશનના સર્વ પ્રથમ આશ્રમ, તિરૂપતી આશ્રમ વિશે માહિતી આવરી લેવામાં આવી છે.

માર્ચ ૨૦૦૯ના અંક માટે સમાચાર–લેખ મોકલવાની છેલ્લી તારીખ ૧૫મી ફેબ્રુઆરી ૨૦૦૯ રહેશે. તમારા સમાચાર–લેખો અને તેને લગતા ફોટાઓ સહિત બધી જ માહિતી તમારા ઝોન–ઈન–ચાર્જ દ્વારા મોકલવા વિનંતી.

–સંપાદકો.

## નૂતન વર્ષ માટે પૂ.માસ્ટરનો સંદેશ

2009

(૩૧ ડિસેમ્બર ૨૦૦૮ના રોજ પૂ.માસ્ટરે આપેલા સંદેશમાંથી અંશત:)

સહજ માર્ગના અભ્યાસી હોવાને નાતે, આપણે એ હકીકત પ્રત્યે સભાન રહેવું જોઈએ કે આપણા માનવજીવનનું લક્ષ્ય માત્ર એક જ હોવું જોઈએ અને તે લક્ષ્ય છે : પ્રથમ – મુક્તિ; પછી – સાક્ષાત્કાર; અને છેવટે – 'દિવ્યતા' સાથે સંપૂર્ણપણે લય થવું.

જેમ બાબુજી મહારાજે કહ્યું છે, તેમ આજની દુનિયામાં મુક્તિનું લક્ષ્ય પ્રાપ્ત કરવાનો સૌથી સરળ અને ઝડપી માર્ગ, સહજ માર્ગ છે. પરંતુ તેમણે એ પણ ભારપૂર્વક કહ્યું છે કે તે પછીના લક્ષ્યો, એટલે કે સાક્ષાત્કાર અને લય–અવસ્થા પ્રાપ્ત કરવાનું પણ મુશ્કેલ નથી. પણ તે માટે આપણે આપણા મનને દ્રઢપણે આ જીવનના એકમાત્ર ઉદ્દેશ્ય પર લગાવીએ તે જરૂરી છે. આ લક્ષ્ય માનવજીવનનું અને માનવવિકાસનું લક્ષ્ય પણ છે.

ધર્મ, સંસ્કૃતિ, શિક્ષણ, સમાજ અને આપણે પોતે જ ઊભા કરેલા ભેદભાવો આપણે ભૂલી જ જવા જોઈએ અને તેને આપણા મનમાંથી દૂર કરવા જ જોઈએ. એ યાદ રાખો કે જે આપણને બધાંને આ માનવજીવનમાં





એકરૂપ કરે છે, તે આપણી અંદરનો આત્મા છે અને તે સદૈવ બીજા આત્માઓ જેવો જ હોય છે. શરીર દ્વારા થતી ભૂલોનું કારણ સંસ્કારો છે. મન ભૂલ કરે છે તેનું કારણ તેની પૂર્વનિર્ધારિત ધારણાઓ અને પૂર્વગ્રહો છે. આત્મા કદી, ક્યારેય ભૂલ કરતો નથી.

તેથી, મારી તમને બધાને એ વિનંતી છે કે તમે બધાં એ નિર્ધાર કરો કે: હે ગુરુજી! મને મદદ કરો કે જેથી હું મારી જાતને માફ કરી શકું અને મારી અને બીજાંઓની વિરુધ્ધમાં અન્ય લોકોએ ગમે તે કર્યું હોય, તેમ છતાં પણ હું મારા દ્વારા તે અન્ય લોકોને પણ માફ કરું, કારણ કે છેવટે તો 'દિવ્ય નાથ' જ આ દિવ્ય રંગભૂમિને એટલે કે જેને આપણે આ ધરતી પરનું માનવ–અસ્તિત્વ કહીએ છીએ, તેને માર્ગદર્શન આપી રહ્યા છે.

## બેંગલોર



પૂ.માસ્ટર તા.૩૧મી ઓકટોબરના રોજ દુબઈથી બેંગલોર આવ્યા ત્યારે અભ્યાસીઓના એક નાના જૂથે તેમનું સ્વાગત કર્યું. પછી તેઓ શુભ એન્કલેવ ખાતેના તેમના નિવાસસ્થાન પ્રતિ રવાના થયા.

રવિવાર, ૨ જી નવેમ્બરે, પૂ.માસ્ટરે બેંગલોરમાં ત્રીજા આશ્રમનું ઉદઘાટન કર્યું, જેનું નામ તેમણે 'પરમ ધામ' રાખ્યું છે. તેની ડિઝાઈન બહુ જ સુંદર છે અને લાલ ઈંટોની બનેલી આ ઈમારતના નીચેના માળે મેડિટેશન હોલ, રસોડું, પુસ્તકાલય અને ઓફિસ બનાવવામાં આવેલા છે. જ્યારે ઉપરના બે માળમાં રહેવા માટે ૩૨ રૂમો, બે મહેમાનકક્ષ અને બે ડોરમેટરિની વ્યવસ્થા કરવામાં આવી છે.

સત્સંગ પછી, પૂ.માસ્ટરે પરમ ધામ વિશે કહ્યું કે તેનો અર્થ થાય છે, એવું સ્થાન કે જ્યાં જે કોઈ જાય, તેને ત્યાંથી આ અસ્તિત્વમાં પાછા ફરવું ન પડે. ૧૨મીએ સવારે નટરામપલ્લી આશ્રમ ખાતે થોડું રોકાઈને, પૂ.માસ્ટર ચેન્નાઈ જવા રવાના થયા.

## તિરૂપુર

પૂ.માસ્ટર ૩જી ડિસેમ્બરે તિરૂપુર આવ્યા અને સીધા જ ડાયમંડ જ્યુબીલી પાર્ક પર પહોંચી ગયા. તેઓ ખુશમિજાજમાં જણાતા હતા અને તેમણે અભ્યાસીઓ સાથે થોડી વાતો કરી. તેમની મુલાકાતના સમગ્ર સમય દરમિયાન તેઓ હળવા 'મુડ'માં હતા. પૂ.માસ્ટર એક અઠવાડિયાથી પણ વધારે રોકાવાના હોવાથી અભ્યાસીઓ તેમને મળવા સતત આવતા રહ્યા.

૫ મી ડિસેમ્બરે સવારે સાડા છ વાગ્યે, પૂ.માસ્ટરે નવા રસોડાનું ઉદઘાટન કર્યું. આ રસોડું લગભગ ૨,૦૦૦ ફૂટ જેટલું વિશાળ છે અને તેને મણપાકક્કમ આશ્રમના રસોડા જેવું જ બનાવવામાં આવ્યું છે. પૂ.માસ્ટરે કહ્યું કે જે લોકો અણધાર્યા સમયે આવે છે, તેમને 'અતિથિ' કહેવાય. આપણે તેમને ખૂબ આદર આપવો જોઈએ. અન્નદાન એ મોટું દાન કહેવાય છે અને તે મેળવનારને ખૂબ સંતોષ આપે છે. જે લોકો ભોજન પીરસતા હોય, તેમણે ભોજન લેનારને પૂરતું સન્માન આપવું જરૂરી છે. ટેબલ પર ભોજન મૂકીને બધાંને તે ખાવા બોલાવા કરતાં, આમંત્રિતોને યોગ્ય રીતે આમંત્રણ આપવું જોઈએ અને તેમની વ્યક્તિગત રીતે સંભાળ લેવી જોઈએ.

રવિવારે સવારે સત્સંગ પછી, પૂ.માસ્ટરે ધ્યાન દરમિયાન રણકતા સેલફોન વિશે કડક શબ્દોમાં સૂચના આપી હતી. તેમણે કહ્યું કે, "જો અભ્યાસીઓમાં આટલી પણ ગંભીરતા ન હોય, તો પછી આશ્રમ આવવાનો અર્થ શું છે? જો લોકો તેમના મોબાઈલ પર આટલા વ્યસ્ત હોય, તો પછી તેમણે ઘરે રહીને તેમની વાતો પતાવીને પછી જ અહીં આવવું જોઈએ."



પૂ.માસ્ટરે તા.૧૦મી ડિસેમ્બરના રોજ, બુધવારે ઉદુમલપેટ ગામની મુલાકાત લીધી. ત્યાંના અભ્યાસીઓએ ઉદુમલપેટ ગામની નજીક પાંચ એકર જમીન દાનમાં આપી હતી અને અભ્યાસીઓએ પૂ.માસ્ટરને ખૂબ જ ઉમળકાથી આવકાર્યા હતા. પૂ.માસ્ટરે અભ્યાસીઓ સાથે વાતચીતમાં સારો એવો સમય ગાળ્યો હતો.

### માલમપુઝા

તા.૧૭થી ૨૦ ડિસેમ્બર ૨૦૦૮ દરમિયાન પૂ.માસ્ટરે માલમપુઝાના એસ.એમ.એસ.એફ. રિટ્રીટ સેન્ટરની મુલાકાત લીધી હતી. આ કેન્દ્રમાં પૂ.માસ્ટરની આ ચોથી મુલાકાત હતી પરંતુ તેઓ રિટ્રીટ સેન્ટરમાં પ્રથમ વખત રોકાયા હતા. માલમપુઝા ખાતે ૨૦૦૮ના સ્કોલરશીપ ટ્રેનીંગ પ્રોગ્રામ માટે દુનિયાભરમાંથી આવેલા લગભગ ૪૦ સ્કોલર્સ અને કો-ઓર્ડિનેટરો સાથે પૂ.માસ્ટર ત્યાં રોકાયા હતા.



પૂ.માસ્ટરે મેડિટેશન હોલનું અને તેમના કોટેજનું ઉદઘાટન કર્યું હતું. તેઓ આરામદાયક અને ખુશમિજાજમાં જણાતા હતા. તેમણે સ્કોલર્સ સાથે અને મુલાકાતી અભ્યાસીઓ સાથે વાતો કરવામાં સારો એવો સમય ગાળ્યો હતો.

પૂ.માસ્ટરે નવીન પુસ્તકાલયમાં સ્કોલર્સના જૂથને સંબોધતા કહ્યું, "જો લોકો આધ્યાત્મિક જીવનમાં માત્ર દુનિયા બદલવાના હેતુથી જ આવતા હોય, તો તેઓ કંઈ મેળવી શકશે નહીં. આ હું તમને ખાતરીપૂર્વક કહું છું. જો તમે તમારી જાતને બદલવા આવતા હો, તો તમને અવશ્ય સફળતા મળશે જ. પણ તે માટે તમારે તમને પોતાને કાર્યરત કરવાં પડશે."

### થ્રિસુર

૧૯મી ડિસેમ્બર ૨૦૦૮ના રોજ કેરાલાના થ્રિસુરના પુઝક્કલ ખાતે પૂ.માસ્ટરે મેડિટેશન હોલનું ઉદઘાટન કર્યું હતું, જેનું નામ યોગાશ્રમ રાખવામાં આવ્યું હતું. આ આશ્રમ થ્રિસુર કુન્નકલમના રસ્તા પર, થ્રિસુરથી પાંચ કિલોમીટરના અંતરે આવેલો છે. પૂ.માસ્ટરે સત્સંગ કરાવ્યા પછી પ્રવચન આપ્યું હતું કે જેમાં તેમણે આપણા હૃદયની સલાહ માનવા પર ભાર મુક્યો હતો કે જેથી જે સનાતન ઉપસ્થિતિ છે, તે ખરેખર હૃદયની સનાતન ઉપસ્થિતિમાં ફેરવાઈ જાય કે જે એકમાત્ર આપણી ઉન્નતિ માટે વાસ્તવમાં માર્ગદર્શક બની શકે છે. આ પ્રસંગે ૪૦ વિદેશી અભ્યાસીઓ સાથે લગભગ ૧૦૦૦ અભ્યાસીઓ ઉપસ્થિત હતાં. સત્સંગ પછી પૂ.માસ્ટરે તેમના માટે બનાવાયેલા નિવાસસ્થાનમાં અભ્યાસીઓ સાથે થોડો સમય ગાળ્યો હતો. બપોરના ભોજન પછી પૂ.માસ્ટર માલમપુઝા જવા માટે નીકળ્યા હતા.




### કોલકતા

૨૫મી ડિસેમ્બર ૨૦૦૮ના રોજ પૂ.માસ્ટર કોલકતા આવી પહોંચ્યા હતા. લગભગ ૩૫ અભ્યાસીઓએ તેમની સાથે વિમાનમાં પ્રવાસ કર્યો હતો. ૨૬મીની બપોરે, પૂ.માસ્ટર તેમની કોટેજની બહાર લોનમાં થોડો સમય ગાળ્યો હતો. કોલકતા આશ્રમના સુંદર વાતાવરણ વિશે વાત કરતાં અને તેનો આનંદ લેતાં તેમણે કહ્યું, "આપણો દરેક આશ્રમ, શાંતિના રણદ્વીપ સમાન છે." એક પ્રશ્ન એવો પૂછાયો હતો, કે 'આપણે શા માટે બાહ્ય જગતમાં પણ તે શાંતિ સ્થાપિત નથી કરી શકતા?' તેના ઉત્તરમાં તેમણે કહ્યું, "પૈસા માટેની લાલચે આપણું સુખ, સંતોષ અને સારું સ્વાસ્થ્ય છીનવી લીધાં છે."



૨૯મીએ પૂ.માસ્ટરે ખડગપુરમાં 'ક્રેસ્ટ' માટે આધારશિલા સ્થાપી, કે જે બેંગલોર પછી ભારતનું બીજું કેમ્પસ છે. પૂ.માસ્ટર ચાલીને જ્યારે આ પાંચ એકર જમીનનું નિરીક્ષણ કરી રહ્યા હતા, ત્યારે તેમની પાછળ પાછળ ચાલનારાઓને તેમણે વિનોદપૂર્વક, પણ સ્પષ્ટ નિર્દેશ કર્યો, "મને આધ્યાત્મિકતામાં અનુસરો, બીજી કોઈ રીતે નહીં."






પૂ.માસ્ટરે સત્સંગ પછી 'જવાબદારી' વિષય પર વક્તવ્ય આપ્યું હતું, જેમાં તેમણે કહ્યું, "દુનિયાની બધી જવાબદારીઓ કરતાં આપણી જવાબદારી આપણા 'સ્વ' (હૃદય) પ્રતિ વિશેષ છે." ભોજન લીધા પછી માસ્ટર કોલકતા જવા રવાના થયા હતા. બીજા દિવસે બપોર પછી લગભગ ૪૦ અભ્યાસીઓ સાથે તેઓ વિમાનમાર્ગે ચેન્નાઈ જવા રવાના થયા હતા.

# શ્રી રામચંદ્ર મિશન®
# એકોઝ ઈન્ડીયા

જાન્યુઆરી ૨૦૦૯ માત્ર અંગત પ્રકાશન માટે વર્ષ ૨ અંક ૧


### ૨૦૦૯માં સતખોલ જવા માટે એપ્લીકેશન

૨૦૦૯માં સતખોલ જવા માટેની એપ્લીકેશન હવે ઓનલાઈન ઉપલબ્ધ છે:
Http://www.srcm.info/satkhol/satkhol_home.htm

વસંત બેચ -જાન્યુઆરીથી માર્ચ (બેચ ૨૪૯થી ૨૫૯). ઓનલાઈન અપ્લીકેશનની કાર્યવાહી ચાલુ છે.


ઉનાળુ બેચ – એપ્રીલથી જૂન (બેચ ૨૬૦થી ૨૭૧). ઓનલાઈન અપ્લીકેશનની કાર્યવાહી જાન્યુઆરી ૧૦, ૨૦૦૯થી ચાલુ થશે.

શિયાળુ બેચ - સપ્ટેમ્બરથી ડિસેમ્બર (બેચ ૨૭૨થી ૨૮૧). ઓનલાઈન અપ્લીકેશનની કાર્યવાહી જૂન ૧૦, ૨૦૦૯થી ચાલુ થશે .

એપ્લીકેશન ભરતાં પહેલાં કૃપા કરીને સૂચનાઓ અવશ્ય વાંચી લેવી.


જેમની પાસે ઈન્ટરનેટની વ્યવસ્થા ન હોય, તેમણે પ્રશિક્ષક, સેન્ટર-ઈન-ચાર્જ અથવા ઝોન-ઈન-ચાર્જની મદદ લેવી. અન્ય જાણકારી માટે ચેન્નાઈ ખાતેની સતખોલ બૂકીંગ ઓફિસનો સંપર્ક કરવો. ટેલિફોન નંબર ૦૪૪-૨૨૫૨૧૦૯૯ અથવા ૦૪૪-૪૨૧૭૧૧૧૧, એક્ષટેન્શન ૨૧૮. સમય – સવારે ૧૦થી ૧૨ અથવા ૩ થી ૪.૩૦.

## નવીન પ્રકાશનો





૧લી જાન્યુઆરી ૨૦૦૯ના રોજ પૂ.માસ્ટરે 'ધ પ્રિન્સીપલ્સ ઓફ સહજ માર્ગ – ભાગ ૧૪' નું વિમોચન કર્યું હતું. આ પુસ્તકમાં ૧૯૯૧ના પ્રથમ છ માસ દરમિયાન પૂ.માસ્ટરે આપેલાં ૨૫ પ્રવચનોનો સમાવેશ કરવામાં આવેલો છે.


આ પુસ્તકના ૩૨૦ પાનાં છે, જેમાં માસ્ટરે ધ્યેય, સ્વયંસેવકનાં કાર્યો, દર્દથી પર જવું, માર્ગદર્શન અને માસ્ટર, જેવાં વિવિધ વિષયો સાંકળેલાં છે.




'ધ ફ્રુટ ઓફ ધ ટ્રી', જે પ્રથમ ૧૯૮૭માં પ્રકાશિત થયેલું, તેની બીજી આવૃત્તિનું પણ વિમોચન થયું છે. આ પુસ્તકમાં પૂ.માસ્ટર, શ્રી પાર્થસારથિ રાજગોપાલાચારી દ્વારા અપાયેલા પ્રવચનો તથા પ્રશ્ન-ઉત્તર છે. આ પ્રવચનો ૧૯૮૬ના સપ્ટેમ્બરથી ઓક્ટોબરમાં ઈટાલી, યુ.એસ.એ. તેમ જ જર્મનીમાં કરેલા પ્રવાસો દરમિયાન અપાયેલાં છે.




'હાર્ટ સ્પીક ૨૦૦૬'નો મરાઠી અનુવાદ કે જેમાં પૂ.માસ્ટરે જાન્યુઆરીથી ડિસેમ્બર ૨૦૦૬ દરમિયાન વિવિધ જગ્યાઓએ ભારત તેમજ વિદેશોમાં આપેલ પ્રવચનોનો સમાવેશ થયેલો છે. આમાં કુલ ૩૩ સંદેશાઓ છે, કે જે તેમણે તિરૂપુર, બેંગલોર, ચેન્નાઈ, અમદાવાદ, કાનપુર, હૈદ્રાબાદ, પૂણે, રાયપુર, રોમ, ડેન્માર્ક, જર્મની, પ્રાગ, દુબઈ, સિંગાપોર તેમજ મલેશિયામાં આપેલાં છે.




જાન્યુઆરી ૨૦૦૯નું 'કોન્સ્ટન્ટ રિમેમ્બરન્સ'નું ટૂંક સમયમાં વિતરણ કરવામાં આવશે. એપ્રિલ ૨૦૦૯ના અંક માટે વિષય છે, 'કૃતગ્નતા'. આ વિષય પર અથવા તમારા સહજ માર્ગ સાધના પરનાં નિરીક્ષણ વિશેનાં લેખો આવકાર્ય છે. કૃપા કરીને તેને ૧લી ફેબ્રુઆરી ૨૦૦૯ સુધીમાં cr@srcm.org પર મોકલવા વિનંતી.

## મણપાક્કમ આશ્રમમાં પૂર

૨૬મી નવેમ્બરના રોજ બંગાળની ખાડીમાં તોફાન સાથે પુષ્કળ વરસાદ વરસ્યો હતો અને સાંજ સુધીમાં તો તેણે ભયંકર સ્વરૂપ ધારણ કર્યું હતું. સાવચેતીના પગલારૂપે આશ્રમના રહેવાસીઓને આશ્રમમાં સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા અને ચીજ વસ્તુઓને સુરક્ષિત, ઊંચાઈવાળા સ્થળે ખસેડવામાં આવી હતી.

૨૭મીની સાંજ સુધીમાં બધાં જ રહેવાસીઓ માટે રહેવાની વ્યવસ્થા આશ્રમની સામે આવેલા 'ગાર્ડન ઓફ હાર્ટ'માં કરવામાં આવી હતી. મધ્યરાત્રી સુધીમાં તો સહજ નદી(કોટેજ વિસ્તારની અંદર)નું પાણી ભયજનક સપાટીએ પહોંચી ગયું હતું. રાત્રિના લગભગ દોઢ વાગે 'લાયન ગેટ' પડી ગયો હતો અને થોડી જ મિનિટોમાં તો કોટેજમાં એકથી દોઢ ફૂટ પાણી પ્રવેશી ગયું હતું. જૂના મેડિકલ સેન્ટર પાસે તો લગભગ ૧૨ ફૂટ પાણી વહેતું હતું. આશ્રમમાં સંપૂર્ણપણે પાણી ફેલાઈ ગયું હતું.

૨૮મીની સવાર સુધીમાં પણ વરસાદ ધીમો નહતો પડ્યો અને નજીકમાં આવેલા તળાવ તેમજ અડ્યાર નદીમાંથી આવેલા પાણીથી સમસ્યામાં વધારો થયો હતો. બપોર સુધીમાં રોયાપુરમ વિસ્તારના માછીમારોના લાકડાના તરાપા અને સમુદ્રતટના રક્ષકોની રબરની હોડી આશ્રમમાં આવી પહોંચી હતી. માછીમારો તેમજ સીમાસુરક્ષાદળના રક્ષકોએ મકાનમાં ફસાઈ ગયેલી ૫૦ વ્યક્તિઓને બચાવી લીધી હતી.

૨૯મી સુધીમાં મેડિટેશન હોલની પાસે તથા બીજી કેટલીક જગ્યાએથી પાણી ઓસરી ગયા હતાં અને પૂ.માસ્ટર નિરીક્ષણ કરવા આવ્યા હતા. તેઓ બધે ફર્યા અને તેમણે વિવિધ જગ્યાઓનું નિરીક્ષણ કર્યું, ત્યારબાદ તેઓ 'ગાયત્રી' પાછા ગયા હતા. ત્રીજી તારીખે પૂ.માસ્ટર આશ્રમથી તિરૂપુર જવા માટે એરપોર્ટ તરફ રવાના થયા હતા.

ત્યાર પછી, ભારતના વિવિધ સ્થળોએથી ઘણાં સ્વયંસેવકો આવ્યા હતાં અને તેમણે પૂર પછીના સફાઈકાર્યમાં ભાગ લીધો હતો. સ્વયંસેવકોએ ડોરમેટરિ બ્લોક્સ, રસોડું, સંડાસ-બાથરૂમ, તેમજ બીજાં વિસ્તારોની સફાઈ કરી હતી. આ સમય દરમિયાન આશ્રમની સુવિધાઓ બંધ હતી.

જે અભ્યાસીઓ હાજર હતા, તેમની વચ્ચે પૂ.માસ્ટરે આશ્રમનું રસોડું અને કેન્ટીન ૩૧મી તારીખે ફરીથી ખુલ્લું મૂક્યું હતું. સાંજે મેડિટેશન હોલમાં સંગીતનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પૂ.માસ્ટરે મેડિટેશન હોલમાં મધ્યરાત્રીએ અચાનક સમૂહધ્યાનની સીટીંગ આપી હતી. તેમણે ફરીથી ૧લી તારીખે સવારે ૯ વાગે પણ સત્સંગ કરાવ્યો અને પ્રવચન આપ્યું હતું. સમૂહ પ્રયાસના ફળસ્વરૂપે આશ્રમ ફરીથી તેના મૂળ સ્વરૂપમાં આવ્યો છે અને અભ્યાસીઓ માટે નીતિનિયમો સાથે ફરીથી ખુલ્લો મૂકવામાં આવ્યો છે.

પૂ.માસ્ટરનું કોટેજ



ભોજનકક્ષ



શ્રી રામચંદ્ર મિશન®
એકોઝ ઈન્ડીયા
ઝોનલ રાઉન્ડઅપ
જાન્યુઆરી ૨૦૦૯ માત્ર અંગત પ્રકાશન માટે વર્ષ ૨ અંક ૧

## એડવાન્સ્ડ ટ્રેનીંગ પ્રોગ્રામ જયપુર

૩૦મી નવેમ્બર, ૨૦૦૮ના રોજ જયપુરના ઝોનલ આશ્રમમાં એક દિવસનો તાલીમી કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જુદા જુદા કેન્દ્રોમાંથી, એક વર્ષથી વધારે સમયથી સહજ માર્ગનો અભ્યાસ કરતા હોય તેવા લગભગ ૮૫ અભ્યાસીઓ તેમાં ભાગ લીધો હતો. સતત સ્મરણ, મિશનનાં પુસ્તકો વાંચવાની આવશ્યકતા, આપણી આધ્યાત્મિક ઉન્નતિ માટે જીવનમાં યોગ્ય દષ્ટિકોણ તેમજ વર્તણૂંકની આવશ્યકતા, સર્વાંગી પરિવર્તન, સ્વયં સેવકોની ભૂમિકા અને દૈનિક સાધનામાં નડતી સામાન્ય ક્ષતિઓને કેવી રીતે ટાળવી, જેવા વિષયો પર કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. નવા આકાંક્ષીઓને સહજ માર્ગનો પરિચય કેવી રીતે આપવો, એ વિષય પર અજમેર સેન્ટર તરફથી એક નાના નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું.

## નવા અભ્યાસીઓ માટેનો કાર્યક્રમ, વડોદરા



૧૯મી ઓક્ટોબર, ૨૦૦૮ને રવિવારના દિવસે વડોદરા આશ્રમ ખાતે નવા અભ્યાસીઓ માટે તાલીમી કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. અડધા દિવસના આ કાર્યક્રમનું ધ્યેય સહજ માર્ગ અભ્યાસના મૂળભૂત સિધ્ધાંતો પર પ્રકાશ પાડવાનું હતું. આ કાર્યક્રમને વધારે રસપ્રદ બનાવવા માટે ભાગ લેનારાઓના સમૂહનો પરિચય, તેમજ એકબીજા પ્રત્યે ભાઈચારો લાવવાનો કાર્યક્રમ પણ ગોઠવવામાં આવ્યો હતો. તે ઉપરાંત ચર્ચાઓ, ઉદાહરણો, વ્યવહારિક અભ્યાસ વિશે રજૂઆત કરવામાં આવી હતી અને ભાગ લેનારાઓના પ્રતિભાવો પણ મેળવવામાં આવ્યા હતા કે જેથી કાર્યક્રમમાં અન્યોન્ય આપ-લે થાય.

## શાહજહાનપુરમાં સાધના કાર્યક્રમ



શાહજહાનપુર આશ્રમમાં તા. ૧૨મી થી ૧૬મી નવેમ્બર દરમિયાન હિંદીમાં પ્રથમવાર સાધના તાલીમી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનું ઉદઘાટન શાહજહાનપુરના સેન્ટર-ઈન-ચાર્જ ભાઈ સર્વેશચંદ્રએ કર્યું હતું. તેમણે તેમના વકતવ્યમાં શાહજહાનપુર આશ્રમના મહત્ત્વ પર ભાર આપ્યો હતો અને માસ્ટર અને બાબુજી આપણને જે બનાવવા ઈચ્છે છે તે બનવા માટે, દરેક જણે વિકાસ કરવો જોઈએ, તેવી સલાહ આપી હતી. તેમણે અભ્યાસીઓને તેમના જીવનમાં ઉપયોગી એવાં સ્વમૂલ્યાંકન અને સ્વ-સ્વીકૃતિ માટે, પાંચ હકારાત્મક અને પાંચ નકારાત્મક પાસાંઓ લખવા અને તેનાં પરિવર્તનનો પ્રારંભ કરવા માટે પ્રવૃત્ત કર્યા હતા.

ગ્રુપમાંના દરેક જૂથે પોતાને અપાયેલા વિષયો પર ચર્ચા કરી હતી અને દરેક ગ્રુપના સભ્યોએ પોતાનો સારાંશ રજૂ કર્યો હતો. સામર્થ્ય ધરાવતા સભ્યોએ ચર્ચાનો સારાંશ કહ્યો હતો અને પ્રશ્નોના જવાબ આપ્યા હતા.

## અભ્યાસી ટ્રેનીંગ પ્રોગ્રામ – પૈઠન

૯ નવેમ્બર, ૨૦૦૮ના રોજ પૈઠન ખાતે અભયાસી તાલીમી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેન્ટરમાં આવો તાલીમી કાર્યક્રમ પહેલી જ વાર રાખવામાં આવ્યો હતો. પૈઠન, અહમદનગર અને આજુબાજુનાં સેન્ટરોમાંથી ૧૪૩ અભ્યાસીઓએ તેમાં ભાગ લીધો હતો. વિવિધ વિષયો જેવા કે સહજ માર્ગનો પરિચય, ધ્યાન, સહજ માર્ગના ગુરૂજીઓ, સફાઈ તેમજ એનું મહત્ત્વ, વગેરેનો તેમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. બધાં જ વકતાઓએ અભયાસીઓને વિષયો સમજાવવા માટે પ્રેઝન્ટેશનનો અસરકારક રીતે ઉપયોગ કર્યો હતો અને તેનાથી અભયાસીઓને વિષયને સારી રીતે સમજવાની ઘણી સહાય મળી હતી. મુંબઈ સેન્ટરના તુષાર પ્રધાને કાર્યક્રમને કો-ઓર્ડિનેટ કર્યો હતો. શ્રોતાઓ તરફથી પણ સારો એવો પ્રતિસાદ મળ્યો હતો અને તેમને લાગ્યું હતું કે કાર્યક્રમ તેમને ઘણો ઉપયોગી રહ્યો.

## યુથ સેમિનાર : અમદાવાદ



તાજેતરમાં પૂ.માસ્ટરે ચેન્નાઈમાં આપેલા, અભ્યાસીઓના ચારિત્ર્ય નિર્માણ વિશેના વકતવ્યની અસરરૂપે, ૧૪મી ડિસેમ્બરે, અમદાવાદના યુથ સેમિનારમાં રાખેલો વિષય હતો, 'આધ્યાત્મિક જીવન માટે અંગત ચારિત્ર્ય જ એકમાત્ર પાયો છે'.

આવી સભાઓ, પોતાના આત્મનિરીક્ષણ માટે, પોતાની જાતનું મૂલ્યાંકન કરવા માટે એક તક્તો પૂરો પાડે છે અને તેમનું પોતાનું જીવન, જેને તેમણે પોતે જ જટિલ બનાવ્યું છે, તેના ઉકેલ માટે જાણકારી આપે છે.

મોટો લાભ એ થયો કે મિશનની પ્રવૃત્તિઓમાં સહભાગી થવાની જરૂરિયાત માટેની રજૂઆત કર્યા પછી, સ્વંયસેવક તરીકે નિયમિતપણે કાર્ય કરવા માટે ડઝનેક અભ્યાસીઓએ જવાબદારી સ્વીકારી લીધી. હવે ૨૦૦૯માં પણ યુવાનો એ જ ઉત્સાહ અને ઉમંગ ટકાવી રાખે, તે મુખ્ય મુદ્દો રહેશે.

## બેલગામ તાલુકાના ખાનપુરમાં અભ્યાસી ટ્રેનીંગ પ્રોગ્રામ

બીડરના ભાઈ રાજુ કાશમપુરકર સહિત બેલગામના ૧૫ અભ્યાસીઓ, ખાનપુર ખાતે નવા અભ્યાસીઓ સાથે જોડાયા હતા. આ કાર્યક્રમ એક શાળામાં રાખવામાં આવ્યો હતો, જેના આચાર્ય અભ્યાસી છે, અને તેમણે આ પ્રસંગ શાળામાં રાખવાની યોજના બનાવી હતી.

કાર્યક્રમને સારો આવકાર મળ્યો હતો અને અભ્યાસીઓએ મિશનનાં મૂલ્યો સ્વીકારવામાં એમની પરિપકવતા દર્શાવી હતી અને સહજ માર્ગ સાધનાની સારી સમજ પ્રદર્શિત કરી હતી. સત્સંગ પછી, કાર્યક્રમની શરૂઆત, માસ્ટર ચોઈસના સંગ્રહમાંથી ભાઈ વસ્ત્રાડે પ્રાદેશિક ભાષામાં કરેલા ભાષાંતરના વાંચનથી થઈ હતી. ત્યાર પછીના, પરંપરાગત અભ્યાસી તાલીમી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી અને કાર્યક્રમની યોજના માટે પધ્ધતિસર અભિગમ પૂરો પાડવા મલ્ટીમિડિયા સગવડો ઉપલબ્ધ હતી. જુદા જુદા ત્રણ વકતાઓ દ્વારા સહજ માર્ગનો અભ્યાસ પરનાં વકતવ્યો રજૂ કરવામાં આવ્યા હતા. સાંજના સત્સંગથી કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું. અભ્યાસીઓએ આનંદ વ્યકત કર્યો હતો અને તેમાંના કેટલાંક પૂ.માસ્ટરના દર્શન જલદી થાય, તેવી ઈચ્છા પ્રદર્શિત કરી હતી.

શ્રી રામચંદ્ર મિશન®
એકોઝ ઈન્ડીયા
ઝોનલ રાઉન્ડઅપ
જાન્યુઆરી ૨૦૦૯ માત્ર અંગત પ્રકાશન માટે વર્ષ ૨ અંક ૧




## શિક્ષકો માટે મૂલ્ય આધારિત આધ્યાત્મિક શિક્ષણ (વી.બી.એસ.ઈ.) કાર્યક્રમ, એહમદનગર

તા. ૭મી નવેમ્બર ૨૦૦૮ના રોજ એહમદનગરની એક પ્રાથમિક શાળા કે જ્યાં રવિવારનો સત્સંગ યોજાય છે, ત્યાં વી.બી.એસ.ઈ.નો એક કાર્યક્રમ મરાઠી ભાષામાં યોજાયો હતો. ભાઈ વિશ્વાસ ટિલ્લુએ આજના સમાજમાં મૂલ્યોની જરૂરીયાત પર ભાર મૂક્યો હતો અને ભાઈ તુષાર પ્રધાને વિવિધ શાળાઓમાં મૂલ્ય આધારિત શિક્ષણ બાબતે કરેલા પ્રયાસોની યાદી આપી હતી અને એસ.એમ.આર.ટી.આઈ. એ અપનાવેલા અભિગમને સમજાવ્યો હતો.

એ જાણીતું છે કે મોટા શહેરો કરતાં નાનાં શહેરોમાં નૈતિક મૂલ્યો પ્રત્યેનો લગાવ વધારે હોય છે પણ મુલાકાત લેનાર જૂથનો અનુભવ એવો હતો કે નાના શહેરોમાં પણ હવે ટી.વી. અને પ્રસારણનાં વિવિધ માધ્યમોના આગમન બાદ, માનવીય મૂલ્યોને જાળવી રાખવાની જરૂરીયાત ખૂબ જ અગત્યની થઈ છે.

આ વકતવ્યમાં તે બાબત પર પ્રકાશ પાડવામાં આવ્યો કે આજના બાળકોને વાલીઓ, શિક્ષકો અને સમોવડિયા દ્વારા સ્પર્ધાની દુનિયામાં ગળાકાપ હરિફાઈમાં ધકેલવામાં આવે છે, ત્યારે માનવીય મૂલ્યોને જાળવવા અને દરરોજ ઊભાં થતાં દુન્યવી દબાણનું સંતુલન કરવું ઘણું અગત્યનું છે. જો મૂલ્યોને 'શીખવાડો' તો તે ભાગ્યે જ શીખી શકાય છે, એ એક જાણીતું કથન છે. શિક્ષકો બાળકના વ્યક્તિત્વને ઘડવાનો અગત્યનો ભાગ ભજવે છે અને વિદ્યાર્થીઓએ તેમના પર મૂકેલા વિશ્વાસને જીતવાના કામની જવાબદારી તેમની છે.

કેટલીક પ્રવૃત્તિઓ, પ્રયોગો અને વાર્તાઓ કહેવામાં આવી હતી અને મૂલ્યોને કેવી રીતે દાખલ કરવા, તે સમજાવવામાં આવ્યું હતું. એસ.એમ.આર.ટી.આઈ. નો અભ્યાસક્રમ અને સાચા મૂલ્યોને યોગ્ય ઉંમરે દાખલ કરવા માટેનું મહત્ત્વ પણ સમજાવવામાં આવ્યું હતું. વાર્તાલાપ પછી સવાલ–જવાબનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

આચાર્ય અને ટ્રસ્ટીઓએ આ કાર્યક્રમ યોજવા બદલ એસ.એમ.આર.ટી.આઈ. ની ટીમનો આભાર માન્યો હતો. અને આ જ લાગણી શાળાના એક શિક્ષકના આભારદર્શનના વકતવ્યમાં પણ છલકાતી હતી.

### અગત્યની સૂચના

મંજૂરી લીધા સિવાય, અભ્યાસીઓ પૂ.માસ્ટરની અંગત વાતચીતો અથવા તેમનાં વાર્તાલાપોનું ખાનગી ઓડિયો અથવા વીડિયો રેકોર્ડિંગ કરી શકે નહીં. અભ્યાસીઓને એ સૂચના પણ આપવામાં આવે છે કે તેઓ મંજૂરી લીધા સિવાય, પૂ.માસ્ટરના અંગત વાર્તાલાપો અને મુલાકાતોનું કોઈ પણ રેકોર્ડિંગ કોઈ પણ વેબસાઈટ પર પ્રસારિત કરવાથી દૂર રહે.



## રાણીગંજ ખાતે શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે VBSE વી.બી.એસ.ઈ. કાર્યક્રમ

રાણીગંજ સેન્ટરે ગ્યાનભારતી શાળાની વિનંતીને માન્ય રાખીને તા.૧૪ અને ૧૫મી નવેમ્બરે વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે એક કાર્યક્રમ યોજ્યો હતો. અંદાલના ભાઈ અનિલ, ભાઈ પંકજ, ભાઈ વિજય, ભાઈ સુશાંત અને ભાઈ શેખરે આ કાર્યક્રમ સુમેળતાપૂર્વક યોજ્યો હતો.

ધોરણ ૯ થી ૧૨ ના ૪૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને તેમણે આદાન–પ્રદાનનો આ કાર્યક્રમ માણ્યો હતો. આચાર્ય અને આયોજકો આખા કાર્યક્રમ દરમિયાન હાજર રહ્યા હતા. ૩૦૦થી વધારે વિદ્યાર્થીઓના મંતવ્યો લેવામાં આવ્યા હતા અને તેમને આચાર્યને સોંપવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓના મંતવ્યોમાં જણાવાયું હતું કે આવા કાર્યક્રમ દ્વારા શાળામાં જે સુધારો આવે છે, તેની જરૂર છે. એસ.એમ.આર.ટી.આઈ. ના મૂલ્ય આધારિત શિક્ષણના વિચારો, પાવરપોઈન્ટની સ્લાઈડ દ્વારા અને પ્રયોગો દ્વારા દર્શાવવામાં આવ્યાં હતાં.

બીજા દિવસનો કાર્યક્રમ શિક્ષકો માટે હતો અને એસ.એમ.આર.ટી.આઈ. ની રૂપરેખા મુજબ, પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશનના ઉપયોગ દ્વારા તેમજ પ્રયોગો દ્વારા તે યોજ્યો હતો. બધાંને આ ઉપયોગી હોવાનું જણાયું હતું અને તેમાંના ઘણાંએ સારા માનવી બનવાની અને આ રીતે સારા શિક્ષક બનવાની કોશિશ કરવાની ખાતરી આપી.

## વી.બી.એસ.ઈ. વિશે વાલીઓને સંબોધન, રાંચી સેન્ટર

૩૦ વાલીઓને વી.બી.એસ.ઈ. ની જાણકારી આપવા માટે લાલપુરના રહેઠાણવાળા વિસ્તારમાં ૧૫મી નવેમ્બર ૨૦૦૮ના રોજ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનું ધ્યેય, મિશન દ્વારા ઉપલબ્ધ વી.બી.એસ.ઈ.ના અભ્યાસક્રમની ગુણવત્તા બધાંને જણાવવાનું હતું અને ભાગ લેનારાઓને તેમના બાળકોમાં સાચા મૂલ્યોને વિકસાવવા બાબતે સંવેદનશીલ બનવાનું જણાવવામાં આવ્યું હતું.

બહેન સુનંદા ચૌહાણ, બહેન અનિતા તિવારી, બહેન અનુરાધા ચૌહાણ, ભાઈ અરૂણકુમાર લાલ, ભાઈ પવન સહાય ને ભાઈ મનોજ તિવારીએ એમનાં મંતવ્યો જણાવ્યાં અને શ્રોતાઓને આ વિષયોનો પરિચય કરાવ્યો. પ્રયોગો દ્વારા મૂલ્યોને વિકસાવવાનો વિષય, એ આ કાર્યક્રમનું મુખ્ય પાસું હતું.

આ શ્રોતાગણમાં ત્રણ શિક્ષકો હતા, જેમણે પોતાની શાળાઓમાં આવા કાર્યક્રમની ઉપલબ્ધિની માહિતી જણાવી હતી. રાંચી સેન્ટરના આ કાર્યક્રમના ફળસ્વરૂપે કેટલીક વધારે શાળાઓ આવા કાર્યક્રમમાં જોડાય, તેવી આશા છે.



શ્રી રામચંદ્ર મિશન®
એકોઝ ઈન્ડીયા
ઝોનલ રાઉન્ડઅપ
જાન્યુઆરી ૨૦૦૯ માત્ર અંગત પ્રકાશન માટે વર્ષ ૨ અંક ૧

## દેવરિયા આશ્રમનું ઉદઘાટન



અભ્યાસી ભાઈઓ અને બહેનોના શારીરિક અને આર્થિક ફાળા દ્વારા દેવરિયા (ઉત્તર પ્રદેશ) ખાતે એક આશ્રમનું નિર્માણ પૂરું કરવામાં આવ્યું છે.

અગાઉ નક્કી થયા મુજબ, ઝોન–ઈન–ચાર્જ ભાઈ નરસિંહ વર્મા, ગોરખપુરના પ્રશિક્ષક ભાઈ એ.કે.સિંહ, ભાઈ ડી.ડી.પાંડે, ભાઈ રમાશંકર દીક્ષિત અને ભાઈ વિનોદમોહન પાંડે સાથે ભાઈ યુ.એસ. બાજપાઈ આવી પહોંચ્યા હતા અને તેમણે મેડિટેશન હોલનું ઉદઘાટન કર્યું હતું.

દેવરિયાની નજીકના કેન્દ્રો, જેવાં કે સહોદરપટ્ટી, લક્ષ્મીગંજ, કપ્તાનગંજ, લપાદ્રોના, કસ્યા(કુશીનગર), નાદવરઘાટ, ખુખુંદ, ઝમીરા, સીસવા અને ગોરખપુરના આશરે ૨૦૦ અભ્યાસીઓએ સત્સંગમાં હાજરી આપી હતી.

એક આધ્યાત્મિક સભાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શહેર અને ગામનાં માનનીય નાગરીકો, ડોકટરો, એન્જિનીયરો, પત્રકારો, વ્યવસાયલક્ષી વ્યક્તિઓ, વગેરે ઉપસ્થિત રહ્યા હતાં. સૌ પ્રથમ ભાઈ રામશંકર દીક્ષિતે આશ્રમના બાંધકામ વિશે તેમજ શ્રી રામચંદ્ર મિશન વિશે માહિતી આપી હતી અને પૂ.માસ્ટરનો પરિચય આપ્યો હતો તથા મિશનના લક્ષ્ય બાબતે માહિતી પૂરી પાડી હતી. ભાઈ બાજપાઈએ 'આધ્યાત્મિકતા શા માટે છે અને શા માટે તેની જરૂર છે' વિશે અને 'મનનું નિયમન અને નિયંત્રણ' વિશે સાદી પણ આકર્ષક ભાષામાં વિગત આપી હતી.

## ચંદ્રપુર સેન્ટર(મહારાષ્ટ્ર)ની જગ્યાનું નોંધણીકાર્ય (રજીસ્ટ્રેશન)

ચંદ્રપુર સેન્ટરના આશ્રમ માટે ચંદ્રપુર સેન્ટરના અભ્યાસીઓ, ભાઈ અમરસિંહ રાઠોડ અને બહેન સુસ્મિતા રાઠોડ દ્વારા ચાર એકર જમીનનું દાન કરવામાં આવ્યું છે. તા.૨૬મી નવેમ્બરના રોજ આ જગ્યાનું રજીસ્ટ્રેશન મિશનના જોઈન્ટ–સેક્રેટરી ભાઈ એ.પી.દુરાઈ દ્વારા, ઝોન–ઈન–ચાર્જ ભાઈ ડો.સુભાષ વૈદ્ય અને સેન્ટર–ઈન–ચાર્જ ભાઈ એલ.કે.ગોયેલની હાજરીમાં સંપન્ન કરવામાં આવ્યું હતું.

શ્રી રામચંદ્ર મિશનની આ નવી મેળવેલી જમીન પર સત્સંગનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાઈ એ.પી.દુરાઈએ આ પ્રસંગે અભ્યાસીઓ સમક્ષ વકતવ્ય આપ્યું હતું, જેમાં તેમણે આ ભેટની કદર કરી હતી. તેમના વકતવ્યમાં પૂ.માસ્ટર પ્રત્યે કૃતજ્ઞતા જણાતી હતી અને તેમણે આ ભેટ દ્વારા દર્શાવાતી ઉદારતા અને પ્રેમને આવકાર્યા હતા. તેમણે ભાઈચારો વધારવા અને સ્વયંસેવાનું કામ (વોલેન્ટિયર) કરવા માટે આગળ આવવા આગ્રહભરી વિનંતી કરી હતી.

તેના આગલા દિવસે, આઈ.એન.સી. એમ.બી.એ. કોલેજ ખાતે વિદ્યાર્થીઓ અને જાહેરજનતા માટે ઓપન–હાઉસનું આયોજન કરવામાં આવ્યું હતું. આશરે ૧૫૦ લોકો આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. ભાઈ એ.પી.દુરાઈએ જીવનની અગત્યતા અને આધ્યાત્મિકતાની શોધ માટે સમર્થ ગુરુની અત્તત્યતા સમજાવી હતી. ભાઈ વૈદ્યે હિન્દી ભાષામાં સહજ માર્ગ પદ્ધતિની માહિતી આપી હતી.





## ઉત્તરાખંડમાં એક રસપ્રદ પ્રયોગ



ગંગોલીહટ, અલમોડા અને રાનીખેતના એક પ્રશિક્ષક અને ત્રણ અભ્યાસીઓની બનેલી એક ટુકડીએ અમુક જગ્યાઓએ સફર ખેડી અને ઓપનહાઉસનું આયોજન કર્યું હતું, તેમજ જે ગામમાં પ્રશિક્ષક ઉપલબ્ધ નહોતા, તેવા અભ્યાસીઓને વ્યક્તિગત ધ્યાનની બેઠક –સીટીંગ– આપી હતી અને એક નવું સેન્ટર ચાલુ કરી શકાય, તેવી આશા વ્યકત કરી હતી.

અમે ૧૩મી ડિસેમ્બરે અલમોડાથી શરૂઆત કરી અને અમારો પહેલો પડાવ હતો, ગંગોલીહાટ, જે એક આશરે ૧૫ અભ્યાસીઓનું એક નવું સેન્ટર છે. અભ્યાસીઓના મિત્રો અને કુટુંબના સભ્યો માટે ૧૪મી ડિસેમ્બરના રોજ એક ઓપન–હાઉસનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં આશરે ૪૦ લોકોએ ભાગ લીધો હતો. બીજા દિવસે આ વિસ્તારના એક અતિ સફળ એન.જી.ઓ. 'જાગ રે પહાડ'ના સભ્યો સમક્ષ વાર્તાલાપ આપવા અમને આમંત્રણ આપવામાં આવ્યું હતું. અમને તેમણે વિનંતી કરી હતી કે તેમના કાર્યકરો, સુપરવાઈઝરો અને ગ્રામવાસીઓ માટે દર મહિને આધ્યાત્મિકતાના પ્રવચનો યોજવામાં આવે.

અમે ૧૫મી ડિસેમ્બરે પિથોરાગઢ અને તેની આજુબાજુના અભ્યાસીઓને મળ્યા હતા. અમે ચાંડક નજીક એક અભ્યાસી બહેનને મળ્યા, જેમનું હાલમાં જ મગજની ગાંઠનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. તેણીને તેના ઘરમાં જ સીટીંગ મળતાં ખૂબજ આનંદ થયો હતો. અમે થોડા સમય માટે થાલમાં રોકાયા હતા અને એક અભ્યાસી બહેનને મળ્યા હતા, જેનો અભ્યાસ બે વર્ષથી બંધ હતો. સીટીંગ લીધા પછી તેણીએ ફરીથી ધ્યાન ચાલુ કરવાનો મક્કમ નિર્ધાર કર્યો હતો.

ચોકોરીમાં રાત્રિના મુકામ બાદ અમે વિજયપુર રોકાયા હતા અને વિજયપુર ઈન્ટરમિડિયેટ કોલેજના સ્ટાફને મળ્યા હતા. આ સ્ટાફને સહજ માર્ગના અભ્યાસ વિશે અને મૂલ્ય આધારિત આધ્યાત્મિક શિક્ષણ વિશેની માહિતી આપવામાં આવી હતી.

જ્યારે અમે ગરૂટ પહોંચ્યા, ત્યારે અમે કેટલીક પરિચિત વ્યક્તિઓને મળ્યા, તેમાંના ત્રણ જણાએ તે જ રાત્રે પહેલું સીટીંગ લેવાનું નક્કી કર્યું. બીજા દિવસે અમે કેટલાંક લોકોને મળ્યા, જે લોકો પહેલાં અભ્યાસી હતા. થોડી નવી ઓળખાણો પણ કરી. અમે મિશનના તાજેતરમાં પ્રકાશિત થયેલાં ઓડિયો–વિડિયો, ફોટાઓ અને પુસ્તકો લઈને ગયા હતા અને અભ્યાસીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક તેની ખરીદી કરી હતી.

આ નવા સેન્ટરમાં પૂ.માસ્ટરના આશીર્વાદથી, રવિવાર ૨૧મી ડિસેમ્બરના રોજ, ગરૂટના સાત સ્થાનિક અભ્યાસીઓ સત્સંગ માટે બેઠા હતા. આ સેન્ટરને અલમોડા અને રાનીખેતના પ્રશિક્ષકોની સહાય મળશે.

શ્રી રામચંદ્ર મિશન®
એકોઝ ઈન્ડીયા
ઝોનલ રાઉન્ડઅપ
જાન્યુઆરી ૨૦૦૯ માત્ર અંગત પ્રકાશન માટે વર્ષ ૨ અંક ૧

## SRCM સિક્કીમ, નવીન સફળતા

તા.૬ થી ૮ નવેમ્બર, ૨૦૦૮ દરમિયાન એસ.એમ.આર.ટી.આઈ. દ્વારા આયોજવામાં આવેલો, ગવર્મેન્ટ ઓફ સિકીમની સહાયતા પામેલો 'ધ્યાન દ્વારા તણાવ નિયંત્રણ નો કાર્યક્રમ ગંગટોક, સિકીમમાં રાખવામાં આવ્યો હતો. એના સંકલનકર્તા, ભાઈ રવિન્દ્ર તેલંગ હતા, જેઓ ખેતીવાડી અને બાગાયન વિભાગના આઈ.એ.એસ. સેક્રેટરી છે અને મિશનના પ્રશિક્ષક પણ છે.

ખેતીવાડી અને બાગાયન વિભાગના મંત્રી શ્રી સોમનાથ પૌંડયાલ મુખ્ય અતિથિપદે હતા અને ઉદઘાટન પ્રસંગે એમ.એલ.એ. શ્રી ભીમ ધૂંગલ વિશેષ અતિથિ હતા. શ્રી ભીમ ધૂંગલ, સિકીમના સમાજમાં પ્રવર્તિત વર્તમાન પરિસ્થિતિ અંગે ઊંડી લાગણી વ્યક્ત કરી હતી. રાજ્યમાં આપઘાતનો આંક ઘણો ઊંચો છે, તેની નોંધ લેતાં એમણે દુઃખ વ્યક્ત કર્યું હતું. માનનીય મંત્રીશ્રીએ કદર કરતાં જણાવ્યું હતું કે આવા પ્રકારના કાર્યક્રમનું આયોજન એવા ઊચિત સમયે કરવામાં આવ્યું છે કે જ્યારે સમાજને એની અતિશય જરૂર છે.

ડૉ.પરિપ્લવીએ 'સ્ટ્રેસ-ધ-મેડીકલ એંગલ' પર રજૂઆત કરી હતી. ભાઈ અરુણ દવેએ તણાવ ઘટાડવાની આરામદાયક પધ્ધતિઓ, ઉદાહરણો વડે સ્પષ્ટ કરી હતી. ત્યાર પછી ભાઈ ગ્યાન સરીને સંતુલિત જીવન વિશે રજૂઆત કરી હતી. તે પછી ભાઈ તેલંગે સહજ માર્ગ પધ્ધતિ વિશે ટૂંકમાં માહિતી આપી હતી. ભાગ લેનારાઓમાંથી ૩૪ જણે અભ્યાસ શરૂ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

બીજા દિવસે બહેન સીતાએ 'વૈશ્વિક મૂલ્યો' વિષય પર, ભાઈ ગ્યાન સરીને મનનું નિમંત્રણ એ વિષય પર વક્તવ્ય આપ્યું હતું. કાર્યક્રમનો અંત 'ધ ટચ ઓફ માસ્ટર્સ હેન્ડ' શિર્ષક ધરાવતી વિડીયોથી કરવામાં આવ્યો હતો, જેનાથી સમગ્ર મુલાકાતીઓના મન પર અસર થઈ હતી.

છેલ્લા દિવસની શરૂઆત, ભાઈ અરુણ દવેના 'સમયનું સંચાલન' વિષયની રજૂઆતથી અને 'હકારાત્મક વિચારસરણી' વિશે બહેન સીતાના વક્તવ્યથી થઈ હતી. પ્રશ્નોત્તરીના કાર્યક્રમમાં ભાગ લેનારાઓએ વ્યક્ત કર્યું હતું કે "જેમ તાજી હવાથી હળવાશનો અનુભવ થાય છે, તેમ આ કાર્યક્રમ અત્યંત હળવાશનો અનુભવ કરાવનારો હતો. એમના ઉપર આ કાર્યક્રમની ઘણી અસર થઈ છે અને તેનાથી એમની અંદર ઘણા ફેરફારો આવશે." ઘણાંએ કહ્યું હતું કે "ધ્યાનની બેઠક પછી એમને ઘણી હળવાશ લાગતી હતી.

## 'મારા'માંથી 'તેમના' સુધીનું આંતરિક રૂપાંતર

તિપ્તુર, ૧૩ અને ૧૪ ડિસેમ્બર, ૨૦૦૮

પૂ. માસ્ટરે સમયાંતરે વારંવાર ભાર મૂકતાં કહ્યું છે કે સહજ માર્ગ, માનવીય પૂર્ણતા અથવા દિવ્યતાના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટેનો, સ્વ-રૂપાંતરનો માર્ગ છે. આ હેતુ માટે ઉપયોગમાં લેવામાં આવતાં સાધનો છે – આપણી સાધનાનાં વિવિધ પાસાંઓ : ધ્યાન, સફાઈ વગેરે. આ હેતુ માટે તિપ્તુરના નવા આશ્રમમાં બે દિવસ માટે તાલિમી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ.

તિપ્તુર, હસ્સન, ટુમકુર, શીમોગા અને ભદ્રાવતીમાંથી લગભગ ૧૩૦ અભ્યાસીઓએ ભાગ લીધો હતો. પહેલા દિવસની શરૂઆત સત્સંગથી થઈ હતી. ત્યાર પછી 'ધર્મ અને આધ્યાત્મિકતા' તથા 'ગુરૂજીની આવશ્યકતા અને ભૂમિકા' પર ભાઈ બી.જી.સુબ્રમન્યમે અને ભાઈ શ્રીનિવાસને વક્તવ્યો આપ્યાં હતાં. આ વક્તવ્યોએ તેમના મનમાં પ્રશ્નો ઊભાં કર્યાં કે "આપણે બધાં અહીં કયા ઉદ્દેશ્ય માટે આવ્યા છીએ? આ બધામાં આપણા ગુરૂજીની ભૂમિકા શું છે? અને વધારે અગત્યનું, આ બધામાં આપણી ભૂમિકા શું હોવી જોઈએ? શું અભ્યાસ કરવાની માત્ર ઈચ્છા હોવી પૂરતી છે?"

બહેન મંજુલાએ 'ચારિત્ર્ય નિર્માણ' પર આપેલું વક્તવ્ય ખરેખર નવી દિશા આપનારું હતું. તેનાથી અભ્યાસીઓને પ્રેરણા મળી હતી અને આપણે જે હોવા જોઈએ, તે બનવા માટે શું કરવાની જરૂર છે, તે બાબત પર તેમને ચિંતન કરતા કરી દીધા હતા.

બીજા દિવસે સહજ માર્ગ સાધના પર કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ધ્યાન, સફાઈ અને પ્રાર્થનાનાં વિવિધ પાસાંઓને વિગતવાર સમજાવવામાં આવ્યાં હતાં અને અભ્યાસીઓએ પૂછેલા ઘણાં પ્રશ્નોના ઉત્તરથી તેમને સ્પષ્ટતા મળી હતી. કાર્યક્રમના અંતમાં 'હું અને મારા માસ્ટર' પર કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં કેટલાક અભ્યાસીઓએ પૂ.માસ્ટર સાથેના તેમના અનુભવો કહ્યા હતા, જેમાંના ઘણાં હૃદયસ્પર્શી હતાં. નવા અભ્યાસીઓ, જે હજી માસ્ટરને મળ્યા નથી, તેમના માટે તે પ્રેરણાદાયી હતાં. સાંજના સત્સંગ પછી કાર્યક્રમ સમાપ્ત થયો હતો. અમે સૌ અમારા વતનમાં જવા પાછા નીકળ્યા અને આ બે દિવસ દરમિયાન સાંભળેલી બધી બાબતોનો અમલ કરવાના દઢ નિર્ધાર સાથે છુટા પડ્યા.





## મહારાષ્ટ્ર-ગોવાના પ્રશિક્ષકોનો સેમિનાર

તા.૧૪ થી ૧૬ નવેમ્બર ૨૦૦૮ દરમિયાન, મહારાષ્ટ્ર ઝોનના પ્રશિક્ષકો માટે પૂનાના રીટ્રટ સેન્ટર, પાનશેત ખાતે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

૪૦ પ્રશિક્ષક ભાઈ-બહેનોએ આ સેમિનારમાં હાજરી આપી હતી. ૧૫મી નવેમ્બરે, ઝોન-ઈન-ચાર્જ ડૉ. સુભાષ વૈદ્યે કાર્યક્રમની શરૂઆત કરી હતી. સવારની શરૂઆતના વિષયો હતા, ગુરૂવંદના, એટલે કે આપણા ત્રણેય ગુરૂજીઓનું કાર્ય અને સહજ માર્ગ સાધના પધ્ધતિ. બપોરનો કાર્યક્રમ ત્રણ વિષયોમાં વિભાજિત કરવામાં આવ્યો હતો – આકાંક્ષીઓને સહજ માર્ગનો પરિચય, મિશનના કાર્યમાં પ્રશિક્ષકોની ભૂમિકા અને અભ્યાસીઓને સીટીંગ આપવાનું પ્રશિક્ષકનું કાર્ય.

૧૬મી નવેમ્બરે, સવારના કાર્યક્રમમાં જે વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો, તે હતા – પ્રશિક્ષક અને અભ્યાસી વચ્ચેનો પારસ્પરિક વ્યવહાર, વર્તણૂંક માટેનું માર્ગદર્શન, વહીવટી ખર્ચ અને મિશનના હિસાબની જાળવણી.

ઘણા પ્રશિક્ષકોએ એવો અભિપ્રાય દર્શાવ્યો હતો કે આ સેમિનારથી તેમને પ્રશિક્ષકોની ભૂમિકા, આધ્યાત્મિકતામાં તેમજ મિશનના વહીવટી તંત્રના કાર્યને સમજવામાં મદદ મળી હતી. એક સામાન્ય અભિપ્રાય એવો હતો કે નવા બનાવેલા પ્રશિક્ષકો તરીકે કાર્ય કરતી વખતે એમના મનમાં જે પણ શંકાઓ રહેતી હતી, એ બધી જ શંકાઓનું સમાધાન આ કાર્યક્રમ દરમિયાન થઈ ગયું હતું અને તેમને લાગ્યું કે જાણે એ પ્રશ્નો એમણે અગાઉથી પૂછ્યા ના હોય! આ વાત, આપણા પૂ.માસ્ટરની તેમના કાર્તકર્તાઓ પ્રતિની પ્રેમાળ સંભાળ દર્શાવે છે. માસ્ટરને આપણા કાર્યથી આનંદ મળે, તે માટે આપણે સખત મહેનત કરવી જ જોઈએ.

શ્રી રામચંદ્ર મિશન®
એકોઝ ઈન્ડીયા
ઝોનલ રાઉન્ડઅપ
જાન્યુઆરી ૨૦૦૯ માત્ર અંગત પ્રકાશન માટે વર્ષ ૨ અંક ૧

## શૈક્ષણિક સંસ્થાઓમાં આક્રમણ : જોધપુર–રાજસ્થાન






તા.૬થી ૯ નવેમ્બર, ૨૦૦૮ દરમિયાન જોધપુર સેન્ટર તરફથી વિવિધ સંસ્થાઓમાં, 'સહજ માર્ગ' પર સંખ્યાબંધ ભાષણોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંસ્થાઓ હતી – લાલ બહાદુર શાસ્ત્રી એન્જીનીયરીંગ અને રિસર્ચ સેન્ટર તથા મારવાડ એન્જીનીયરીંગ કોલેજ અને રિસર્ચ સેન્ટર (૧૫૦ વિદ્યાર્થીઓ અને અધ્યાપકો માટે 'વિગ્નાન અને આધ્યાત્મિકતા' વિષય પર) ટાઉન હોલમાં ('આધ્યાત્મિકતા: હેતુપૂર્ણ જીવન જીવવાનો માર્ગ' વિષય પર, ૬૦૦ જણ હાજર હતા) જય નારાયણ વ્યાસ યુનિવર્સીટી એક્સટેન્શન લેક્ચર સેલ('યોગ અને સહજ માર્ગ' વિષય પર, ૧૫૦ અધ્યાપકો હાજર હતા) અને નેશનલ લો યુનિવર્સીટી('કાયદો અને આધ્યાત્મિકતા' વિષય પર, જેમાં ૧૫૦ વિદ્યાર્થીઓ અને અધ્યાપકો હાજર હતા).

સહજ માર્ગ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ, ચેન્નઈના ડાયરેક્ટર ડૉ.કે.એસ. બાલાસુબ્રમનીયમે તેમના વક્તવ્યમાં જણાવ્યું હતું કે આધ્યાત્મિકતામાં કોઈ નામ નથી, કોઈ ગુણધર્મ નથી, માનવીય ભેજામાંથી કૃત્રિમ સર્જન પામેલા કોઈ દેવની પરાધીનતા નથી, પરંતુ આધ્યાત્મિકતા માનવીનું ધ્યાન અનંતતા પર કેન્દ્રિત કરે છે કે જે દરેક જીવનું મૂળભૂત સ્ત્રોત છે, તે નામરહિત, રૂપરહિત અને ગુણરહિત છે. અંતિમ તત્ત્વ પ્રત્યેનો આ જ અભિગમ ઐક્ય લાવી શકે છે અને બધાં જ દેશોના તથા ધર્મોના માનવીઓને એકસાથે ભેગાં કરી શકે છે. માનવજીવનની આ પાયાની વાત છે અને તે ખેદજનક છે કે આજે તેની ખોટ છે. જો આધ્યાત્મિકતાનો અભ્યાસ ઉત્સાહ સાથે, 'અંતિમતત્ત્વ'ને પામવાના નમ્ર પ્રયાસરૂપે કરવામાં આવે, તો કદાચ આ બળ એટલું બધું શક્તિશાળી છે કે જે આવી અખંડતા લાવી શકે છે. લગભગ ૧૦ થી ૧૨ ભાઈ–બહેનો પધ્ધતિમાં જોડાયા છે અને પ્રક્રિયા હજુ ચાલુ છે.

## એક્શચેન્જ પ્રોગ્રામ – ગુજરાત

ઘણાં નાનાં સેન્ટરોમાં જોવામાં આવ્યું છે કે અભ્યાસીઓ સાથે વાતચીત કરી શકે તેવા નવીન લોકોની જરૂર છે. ચર્ચાઓ પછી એવું લાગ્યું કે અદલાબદલીના (એક્શચેન્જ) કાર્યક્રમો આપણે રાખવા જોઈએ, જેમાં એક સેન્ટરના બધાં જ અભ્યાસીઓ બીજા સેન્ટરની મુલાકાત લે અને ઓછામાં ઓછા અડધો દિવસ સાથે ગાળે. આ માધ્યમ દ્વારા યજમાન સેન્ટરમાં ઉત્સાહ અને ઉમંગની છોળ આવતી જણાઈ. તે જ પ્રમાણે, કેટલાંક મહિનાઓ પછી, બીજા સેન્ટરના અભ્યાસીઓ પહેલા સેન્ટરની મુલાકાત લે, તેવું ગોઠવવું જરૂરી છે.

જેમ જેમ અભ્યાસીઓ તેમના વિચારો દર્શાવે છે, તેમ તેમ વિચારોની અદલાબદલીથી ઘણી સ્પષ્ટતાઓ થાય છે. બંને સેન્ટરની સારી પધ્ધતિઓની અદલાબદલી પણ થાય છે. આજુબાજુના સેન્ટરોની મુલાકાત લેવા માટે અભ્યાસીઓ સમૂહમાં પ્રવાસ કરતા હોવાથી બંધુત્વની ભાવનાનું જતન પણ થાય છે.

આવું જ એક સંમેલન, વાપીથી લગભગ ૨૫ કિ.મિ. દૂર દમણમાં રાખવામાં આવ્યું હતું. જેમાં સીલવાસા અને વાપીના અભ્યાસીઓ એક દિવસના કાર્યક્રમમાં ભેગા મળ્યા હતા. આ સેન્ટરો દક્ષિણ ગુજરાતમાં, સુરત અને મુંબઈ વચ્ચે આવેલાં છે. એ વખતે જોવા મળ્યું કે આવાં દરેક સેન્ટરો, કે જ્યાં અદલાબદલીનો કાર્યક્રમ યોજવામાં આવે છે, ત્યાં ભાઈચારો અને મિત્રતાનું વાતાવરણ ઊભું થાય છે. આમ બીજું સેન્ટર પહેલા સેન્ટરના વિકાસ માટે વધારે સહાયક બને છે.

## સ્ટડી ગ્રુપ – બાલિયા સેન્ટર



સ્ટડી ગ્રુપના સાધનોનો ઉપયોગ કરવાનો વિચાર એસ.એમ.આર.ટી.આઈ. દ્વારા ઉપલબ્ધ થયો હતો અને દર રવિવારે, સત્સંગ

પછી એક કલાક માટે અમારા સેન્ટરમાં શરૂ કરવામાં આવ્યો હતો. આપવામાં આવેલા સાધનોનો એક અઠવાડિયા સુધી અભ્યાસ કરવા અમે ચાર થી પાંચ જૂથો બનાવ્યાં હતાં, જેમાં એક વક્તા રહેતો. આપણા માસ્ટરના બોધપાઠ અનુસાર આધ્યાત્મિકતા અને ભૌતિકતાની સમજનો સમાવેશ થઈ શકે, તે પ્રમાણે સાધનોની ગોઠવણી પધ્ધતિસર કરવામાં આવી હતી. આ વર્ગની શરૂઆત નવેમ્બર, ૨૦૦૮માં થઈ હતી અને તે અભ્યાસ દ્વારા, આ પ્રવૃત્તિમાં જોડાયેલા યુવાનોમાં અમને ઘણાં જ ફેરફાર જોવા મળ્યા હતા. અઠવાડિયા દરમિયાન, તેઓ સાંજના સમયે પુસ્તકોમાંથી શોધીને રવિવારના કાર્યક્રમની તૈયારી કરવામાં વામાં પ્રવૃત રહે છે.

શરૂઆતમાં થોડી આનાકાની હતી, પરંતુ બે અઠવાડિયા પછી એમને લાગ્યું કે ખરેખર એ લોકો પોતે નહીં, પણ એમના દ્વારા પૂ.માસ્ટર બોલી રહ્યા છે અને એમને એ પણ લાગ્યું કે પૂ.માસ્ટરે તેમને સમયનો સદુપયોગ કરવાની તક આપી છે, જો આમ નહીં થાય તો સમય બરબાદ થઈ જશે. દરેક અભ્યાસી બદલાવ જોઈને દંગ જ રહી ગયા અને તેના દ્વારા તેમના માસ્ટર પ્રત્યેના તેમના વિશ્વાસ અને પ્રેમમાં પણ વૃધ્ધિ થઈ હતી.

એ જાણવામાં આવ્યું છે કે અઠવાડિયા પછી સત્સંગ માટે આવનારા બધાં જ અભ્યાસીઓ, ભાગ લેનારાઓના, વિષય વિશેના બધા જ વિચારો સાંભળવા રોકાવા લાગ્યા, અને તે પણ એવું જાહેર કર્યા પછી કે 'જેમની પાસે સમય ના હોય તે જઈ શકે છે'.

અમે માસ્ટરને પ્રાર્થના કરીએ છીએ કે અમને સમજ, સહનશીલતા, પ્રેમ અને ક્ષમાવૃત્તિ આપે તેમજ એ બધું પ્રાપ્ત કરવા માટેની શક્તિ પણ આપે.

## NSIC, નવી દિલ્હી ખાતે ઓપન હાઉસ

તા.૪થી ડિસેમ્બર ૨૦૦૮ના રોજ, નેશનલ સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ.(ગવર્મેન્ટ ઓફ ઈન્ડીયા એન્ટરપ્રાઈઝ), ઓખલા ઈન્ડસ્ટ્રીઝ એસ્ટેટ, નવી દિલ્હી ખાતેની ઓફિસમાં ઓપન હાઉસ રાખવામાં આવ્યું હતું. એમાં કોર્પોરેશનના થોડા સિનિયર અધિકારીઓ મળીને ૪૫ પ્રતિનિધિઓ હતા.

વિષય હતો, 'સંતુલન જીવન માટે ધ્યાનની પધ્ધતિ'. ભાઈ એ.પી.પલટાએ ટૂંકો પરિચય આપીને વક્તાઓનો પરિચય આપ્યો હતો. ભાઈ ગ્યાન સરીન આ વિષય પર હિન્દીમાં બોલ્યા હતા અને બહેન શોભનાએ વિષય પર ટૂંકાણમાં કહ્યું હતું અને પધ્ધતિની વિગતો આપી હતી. પછી પ્રશ્નોતરીનો કાર્યક્રમ રાખ્યો હતો.



## યોગાશ્રમ – તિરૂપતી

એ નોંધ લેવી અતિ મહત્ત્વની છે કે તિરૂપતી સેન્ટર, મિશનનો સર્વ પ્રથમ આશ્રમ છે અને તે લગભગ ૨.૫ એકર, મોકાની જમીન પર બાંધવામાં આવ્યો છે. બાબુજી મહારાજે, ૧૯૬૫માં એનું શિલારોપણ કર્યા પછી તે અસ્તિત્વમાં આવ્યો હતો અને તે અવિરતપણે વૃધ્ધિ પામી રહ્યો છે. આશ્રમ તિરૂમાલા ટેકરીઓમાં કપિલ્તીર્થમ પાણીના ધોધ પાસેની સુંદર જગ્યા પર આવેલો છે.

આ સેન્ટરના ચભ્યાસીઓએ આ સેન્ટરના પહેલા પ્રશિક્ષક, ડો.કે.સી.વરદાચારીની દેખરેખ હેઠળ ઉત્તમ આધ્યાત્મિક તાલીમ મેળવી છે. પ્રારંભથી જ, દક્ષિણ ભારતના પ્રવાસની સાથે પૂ.બાબૂજી દર વર્ષે, નિયમિત રૂપે તિરૂપતી સેન્ટરની મુલાકાત લેતા હતા. તિરૂપતી સેન્ટરની રજતજયંતિ ૧૯૯૦ના ડિસેમ્બરમાં ઉજવવામાં આવી હતી અને ત્યારે સમારંભમાં ભાગ લઈને પૂ.માસ્ટરે અભ્યાસીઓને આશીર્વાદ આપ્યા હતા.

૧૯૬૫માં ડૉ.સી.રાજેશ્વરીએ દાનરૂપે આપેલી નાની ઈમારતમાંથી આ સેન્ટરની શરૂઆત થઈ હતી. ત્યાર પછી અવિરતપણે એનો વિસ્તાર થતો રહ્યો છે. ૧૯૯૪માં પૂ.માસ્ટરે નવા મેડિટેશન હોલનું ઉદઘાટન કર્યું હતું, જેમાં લગભગ એક હજાર અભ્યાસીઓનો સમાવેશ થઈ શકે છે.

સહજ માર્ગ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટની સ્થાપના સૌ પ્રથમ તિરૂપતિમાં ૧૯૮૪માં થઈ હતી. હાલમાં આ સેન્ટરમાં લગભગ ૯૦૦ અભ્યાસીઓ છે. કેટલીક પ્રવૃત્તિઓ અહીં નિયમિતરૂપે ચાલી રહી છે.

આશ્રમમાં પુસ્તકાલયનું સંચાલન સુઆયોજીતરૂપે થાય છે અને તે દરરોજ ખુલ્લું રાખવામાં આવે છે. મિશનના સાહિત્યને વાંચવા માટે કેટલાક અભ્યાસીઓ આ સુવિધાનો ઉપયોગ કરે છે. બાળકોને અંદર અને બહાર ચોગાનમાં રમતો રમવા માટે સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. નવા આકાંક્ષીઓને પધ્ધતિ અને મિશન વિશે ટૂંકમાં સમજાવવા માટે દર રવિવારે 'વેલકમ ડેસ્ક' રાખવામાં આવે છે.

આ સેન્ટરના અભ્યાસીઓ આશ્રમની વિવિધ સ્વયંસેવાઓમાં સક્રિય છે.


મેડિટેશન હોલ


પુસ્તકાલય


પ્રવેશમાર્ગ

આર્કાઈવ્ઝમાંથી




પહેલું મકાન


બાળવિભાગ

**To subscribe to this Newsletter please visit http://www.srcm.org/centers/as/in/newsletter/index.jsp**
**For feedback, suggestions and news articles please send email to in.newsletter@srcm.org**

© 2008 Shri Ram Chandra Mission ("SRCM"). All rights reserved.
"Shri Ram Chandra Mission", "Sahaj Marg", "SRCM", "Constant Remembrance" and the Mission's Emblem are registered Trademarks of Shri Ram Chandra Mission.
This Newsletter is intended exclusively for the members of SRCM.